आज़ादी का
अमृत महोत्सव

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ


**www.gslsa.gujarat.gov.in,Email: msguj.lsa@nic.in**

**ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ તથા ૧૫૧૦૦,**

**ફોન / ફેકસ નંબર : ૦૭૯-૨૭૬૬ ૪૯૬૪**


- ભારતના બંધારણમાં આપના જીવન તથા વ્યકિતગત સ્વતંત્રતાનુ ઉલ્લંઘન રોકવા માટે મૌલીક અધિકાર આપવામાં આવેલ છે.
- પોલીસ દ્વારા જો આપને કોઈ તપાસ કે કોર્ટ કેસના કામે બોલાવવામાં આવે, તો આપની સાથે માનવીય વ્યવહાર થવો જોઈએ જેથી ગભરાવવાની જરૂર નથી.

- જો પોલીસ દ્વારા આપને સમન્સ કે નોટીસ આપવામાં આવે અથવા તો, તપાસના કામે આપ શકમંદ તરીકે હોવ-તો તમે અટકાયત / પુછપરછની પહેલા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ / તાલુકા કાનૂની સેવા સમિતિમાં ઉપલબ્ધ પેનલ લોયર પાસે થી મફત કાનૂની સલાહ પ્રાપ્ત કરી શકો છો.

- પોલીસ દ્વારા અટકાયત કરવાની પરિસ્થિતિમાં અટકાયત કરવાના કારણની માહિતી આપવી અનિવાર્ય છે.
- જામીન લાયક પ્રકારના આરોપ ધરાવતા ગુનાઓમાં પોલીસ દ્વારા તાત્કાલીક જામીન આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- બિન-જામીન લાયક પ્રકારના આરોપ ધરાવતા ગુનાઓમાં અટકાયત કરેલ આરોપીઓને ૨૪ કલાકની અંદર મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ રજુ કરવા અનિવાર્ય છે.
- અટકાયત કર્યાની માહિતી આપના પરિવારજનો અથવા તો, નજીકના મિત્રને પોલીસે લેખીતમાં આપવી જરૂરી છે.
- કેદ દરમિયાન આપને આપની પસંદના વકીલશ્રીને કાનૂની સલાહ-સૂચન પ્રાપ્ત કરવા હેતુ મળવાનો અધિકાર છે.
- અટકાયત થયા બાદ તબીબી પરિક્ષણ કરાવવાનો આપને હક્ક છે.

## મફત કાનૂની સહાય મેળવવાના સ્થળો

- **જિલ્લા અથવા તો, તાલુકા ન્યાયાલય પરિસરમાં સ્થિત કાનૂની સેવા સત્તામંડળ / સમિતિ.**
- **વડી અદાલત / સર્વોચ્ચ અદાલતના પરિસરમાં સ્થિત કાનૂની સેવા સમિતિ.**
- **પોસ્ટ ઓફીસના કાઉન્ટર પર અરજી કરીને.**
- **www.nalsa.gov.in/lsams/ પર જઈને.**
- **હેલ્પ લાઈન નંબર ૧૫૧૦૦ અથવા ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ પર ફોન કરીને.**
- **૨૪ કલાક કાર્યરત પરમાનેન્ટ લીગલ એઈડ કલીનીક, શાહીબાગ, અમદાવાદ ખાતે મુલાકાત લઈને.**

**ગુગલ પ્લે સ્ટોર પરથી નાલ્સાની મોબાઈલ એપ ડાઉનલોડ કરો.**



# મહિલાઓ, બાળકો, ગરીબો અને નબળા વર્ગના વ્યકિતઓનો મફત કાનૂની સહાય અને સલાહ મેળવવાનો અધિકાર

**ભારતનું બંધારણ**

જીવન અને વ્યકિતગત સ્વતંત્રતાના સંબંધમાં કાયદા દ્વારા પ્રસ્થાપિત કરાયેલ પ્રક્રિયા અનુસરીને જ કાર્યવાહી કરવાનો અધિકાર.

- અટકાયતની પરિસ્થીતીમાં આપની પસંદગીના વકીલશ્રી દ્વારા સલાહ મેળવવી.
- અટકાયતના ૨૪ કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવાની જોગવાઈ.

**મફત કાનૂની સહાય**

## મફત કાનૂની સહાય મેળવવા હક્કદાર

- મહિલાઓ તથા ૧૮ વર્ષ સુધીની ઉંમર ધરાવતા બાળકો.
- અનુસૂચિત જાતિ તથા જનજાતિ વર્ગ
- વિવિધ પ્રકારની આપદાઓ, જાતિય હિંસા, પૂર, ધરતીકંપથી પીડીત વ્યકિતઓ.
- કેદ (કારાવાસ) અથવા તો, અટકાયતમાં હોય, તેવી વ્યકિતઓ.
- માનવ તસ્કરીનો ભોગ બનેલ, ભારતના બંધારણનાં અનુચ્છેદ ૨૩ મુજબ ભિક્ષુક હોય તે.
- ઔદ્યોગિક કામદાર.
- માનસિક રીતે અશકત કે દિવ્યાંગ
- વાર્ષિક આવક રૂ. ૧ લાખ સુધીની કે તેથી ઓછી હોય, તેવા સામાન્ય લોકો.
- સીનીયર સીટીઝન, ટ્રાન્સઝેન્ડર, મોબ લીંચીગનો ભોગ બનનાર

## સહાયના પ્રકાર


- આપના દ્વારા અથવા તો, આપની સામે કરવામાં આવેલ કોર્ટ કેસોમાં આપનો પક્ષ મુકવા માટે સરકારી ખર્ચે વકીલશ્રીની સેવાઓ.
- નિશુ:લ્ક કાનૂની સલાહ.
- કોર્ટ કેસોમાં દસ્તાવેજો મેળવવા અને મુસદા લેખન માટેનો ખર્ચ.
- અન્ય પ્રકારનો આનુષંગિક ખર્ચ.
- વડી અદાલત અથવા સર્વોચ્ચ અદાલતની સમક્ષ અપીલ કે જામીનના પ્રકરણમાં પેપર બુક અને દસ્તાવેજના ભાષાંતરનો ખર્ચ.

**કોઈપણ કલ્યાણકારી યોજના કે સરકારી યોજનામાં કાનૂની લાભ અથવા ન્યાય સુધી પહોંચવા માટે કાનૂની સહાય કે કાનુની સલાહ અંગેની જોગવાઈ.**

## મફત કાનૂની સહાય મેળવવાના સ્થળો

- જિલ્લા અથવા તો, તાલુકા ન્યાયાલય પરિસરમાં સ્થિત કાનૂની સેવા સત્તામંડળ/સમિતિ.
- વડી અદાલત / સર્વોચ્ચ અદાલતના પરિસરમાં સ્થિત કાનૂની સેવા સમિતિ.
- પોસ્ટ ઓફીસના કાઉન્ટર પર અરજી કરીને.
- www.nalsa.gov.in/lsams/ પોર્ટલ પર જઈને.
- હેલ્પ લાઈન નંબર ૧૫૧૦૦ અથવા ૧૮૦૦ ૨૩૩ ૭૯૬૬ પર ફોન કરીને.
- ૨૪ કલાક કાર્યરત પરમાનેન્ટ લીગલ એઈડ કલીનીક, શાહીબાગ, અમદાવાદ ખાતે મુલાકાત લઈને.

**ગુગલ પ્લે સ્ટોર પરથી નાલ્સાની મોબાઈલ એપ. ડાઉનલોડ કરો.**





**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**

www.gslsa.gujarat.gov.in,Email: msguj.lsa@nic.in

ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦–૨૩૩–૭૯૬૬ તથા ૧૫૧૦૦, ફોન / ફેકસ નંબર : ૦૭૯–૨૭૬૬ ૪૯૬૪